# પાટીદાર સમાજ જોગ

# જાહેરાત

યુ.પી.એસ.સી  સિવિલ સર્વિસેઝ પરીક્ષા ૨૦૧૮ (IAS,IPS,IFS etc.) પ્રશિક્ષણવર્ગ ૨૦૧૭-૧૮

**(આ યુ.સી.ડી.સી દ્વારા સંચાલિત પ્રશિક્ષણવર્ગ છે. નોકરી માટે ની જાહેરાત નથી.)**

**ઉમિયા કેરિયર ડેવેલોપમેન્ટ કાઉન્સિલ, અમદાવાદ (સોલા) ખાતે યુ.પી.એસ.સી દ્વારા લેવાનાર** સિવિલ સર્વિસેઝ પરીક્ષા ૨૦૧૮ **ની તૈયારી માટેનો પ્રશિક્ષણવર્ગ ૨૦૧૭-૨૦૧૮ માટે ની પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઈન અરજી પત્રકો મંગાવવા માં આવે છે. આ માટે ઉમેદવારે www.ucdc.co.in ની વેબસાઈટ પર તા. ૦૩/૦૮/૨૦૧૭ થી તા.૨૫/૦૯/૨૦૧૭ સુધી (સમય રાત્રી ના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે.)**

શૈક્ષણિક લાયકાત અને પાત્રતા :

**કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા કાયદા થી સ્થાપિત માન્ય યુનિવર્સીટી/ડીમ્ડ યુનિવર્સીટીમાંથી સ્નાતક કરેલું હોવું જોઈએ.**

વય મર્યાદા : (તા. ૦૧/૦૭/૨૦૧૭ ની સ્થિતિએ)

**૧. ઓછા માં ઓછા ૨૧ વર્ષ અને વધુ માં વધુ ૨૮ વર્ષ સુધી**

**નોંધ :** યુ.સી.ડી.સી દ્વારા બહાર પાડવા માં આવતા નોટિફિકેશનમાં દર્શાવતી વય મર્યાદાને ધ્યાને લઇ ઉમેદવાર પોતે પ્રિલીમ પરીક્ષામાં ઉપસ્થિત થવા પાત્રતા ધરાવે છે કે કેમ ? તે જાતે નક્કી કરવાનું રહેશે, તે માટે સંસ્થાની કોઈ જવાબદારી રહેશે નહીં.

પ્રવેશ પરીક્ષા: UCDC ની પ્રવેશ પરીક્ષા બે તબક્કા માં લેવામાં આવશે.

૧. પ્રથમ તબક્કો : UCDC ની પ્રથમ તબક્કા ની પ્રવેશ પરીક્ષા તા.૦૧/૧૦/૨૦૧૭ ને રવિવારના રોજ લેવામાં આવશે. જેની વિગત નીચે મુજબ છે.

૨. Objective તથા Written પરીક્ષા નું માળખું

| તારીખ | સમય | TYPE | પેપર | વિષય | પ્રશ્નો | ગુણ |
|---|---|---|---|---|---|---|
| 01-10-2017 | 10:00 થી 12:00 | Objective | પેપર-1 | C-SAT (100) + G.S (100) | 200 X 1 | 200 |
| | 1:00 થી 3:00 | Written | પેપર-2 | Essay (2) ગુજરાતી અને અંગ્રેજી | 50 X 2 | 100 |
| કુલ ગુણ | | | | | | **300** |

પ્રવેશ પરીક્ષા માટેનુ કેન્દ્ર : અમદાવાદ, મહેસાણા, વડોદરા, રાજકોટ, સુરત, (વિગતવાર કેન્દ્રની જાણ તથા સરનામું આપને અમારી વેબસાઈટ (www.ucdc.co.in) પર મેળવી શકશે.

નોંધ :-

૧. પેપર-1 માં ખોટા જવાબ બદલ અથવા એક પ્રશ્ન માં એક કરતા વધારે જવાબ બદલ 1/4 નેગેટીવ માર્કસ ગણાશે.

૨. પેપર 1 અને પેપર 2 ના સયુંક્ત માર્ક્સને આધારે મેરીટ તૈયાર કરવામાં આવશે.

હોલ ટીકીટ ડાઉનલોડ /પ્રિન્ટ આઉટ કરવા બાબત :

તા. ૧-૧૦-૨૦૧૭ ને રવિવાર ના રોજ યોજનાર પ્રથમ તબક્કાની પરીક્ષા માટેના પ્રવેશપત્ર (Hall Ticket) ઉમેદવાર વેબસાઈટ ઉપરથી પરિક્ષા ના 10 દિવસ અગાઈ ડાઉનલોડ કરી પ્રિન્ટ આઉટ મેળવી લેવાની રહેશે.

**પ્રથમ તબક્કાની પરીક્ષાનો અભ્યાસક્રમ :**

| પેપર - ૧ | વિષય | પ્રશ્નો | ગુણ |
|---|---|---|---|
| C-SAT | એપ્ટીટ્યુડ, જેનો સિલેબસ આ મુજબ નો રહેશે<br><br>(1) Comprehension<br>(2) Interpersonal Skill including communication skills<br>(3) Logical reasoning and analytical ability<br>(4) Decision making and problem solving<br>(5) General mental ability<br>(6) English Language comprehension skills (class X level).<br>(7) Basic numeracy (numbers and their relation, orders of magnitude etc (Class X level), Data Interpreation (charts, graphs, tables, data sufficiency etc. – Class X level) | 100 | 100 |
| G.S | જનરલ સ્ટડીઝ, જેનો સિલેબસ આ મુજબ નો રહેશે<br><br>(1) Current events of national and international importance.<br>(2) History of India and Indian national movement.<br>(3) Indian and World Geography-physical, social, economic geography of India and the world.<br>(4) Indian Polity and governance- constitution, political system, Panchayati Raj, public policy, Rights Issues, etc<br>(5) Economic and social development – sustainable development, poverty, inclusion, demographics, social sector initiative, etc.<br>(6) General issues on environmental ecology, bio-diversity and climate Change – that do not require subject specialization. General Science. | 100 | 100 |
| | કુલ | ૨૦૦ | ૨૦૦ |

સામાન્ય સૂચનો :

1. પરીક્ષાના સમય પહેલા પંદર મિનિટ અગાઉ ઉમેદવારે પોતાની બેઠક પર બેસી જવાનું રહેશે.

2. ઉમેદવાર પોતાની સાથે પરીક્ષા ખંડમાં કેલક્યુલેટર, મોબાઈલ વગેરે જેવા કોઈપણ ઈલેક્ટ્રીક સાધનો, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલું કે હસ્તલિખિત સાહિત્ય રાખી શકાશે નહી.

3. પરીક્ષા શરૂ થયા પછી પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષા ખંડ છોડવા દેવામાં આવશે નહીં.

4. અનઅધિકૃત પુસ્તક, પેપર, લેખમાંથી કે અન્ય ઉમેદવારોમાંથી નકલ કરવી નહીં, કે નકલ કરવા માટે પ્રયાસો કરવા નહીં. તેમજ તમારા પેપરમાંથી અન્ય ઉમેદવારોને નકલ કરવા દેવી નહી આ સૂચનાના ભંગ બદલ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

5. પરીક્ષા પૂર્ણ થવા માટેનો બેલ વાગ્યાથી તુરંત ઉત્તરવહી (OMR) નિરીક્ષકને સોંપી દેવી.

6. પ્રથમ અને દ્વિતિય તબક્કા ના સફળ ઉમેદવારો નું લીસ્ટ વેબસાઈટ પર મુકવા માં આવશે અને SMS દ્વારા જાણ કરવામાં આવશે.

7. ઉમેદવાર અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે ઉમેદવારે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારોની ઉમેદવારી સંસ્થા દ્વારા “રદ” કરવામાં આવશે.

8. સંસ્થા દ્વારા લેનાર પ્રથમ તબક્કાની વૈકલ્પિક અને નિબંધ કસોટીમાં અને દ્વિતિય તબક્કા માં ઈન્ટરવ્યું ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂક માટેનો હક મળી જતો નથી. નિમણૂક સમયે સમક્ષ UCDC સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે.

9. પસંદગી પામેલ ઉમેદવારને સંસ્થાના વખતોવખત / પ્રવર્તમાન નિયમો મુજબ નિશ્ચિત શરતોને આધિન પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ મળશે.

10. આ જાહેરાત તથા પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટે કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંસ્થાને સંપૂર્ણ હક્ક / અધિકાર UCDC સંસ્થા ને રહેશે અને આ માટે કારણો આપવા સંસ્થા બંધાયેલ રહેશે નહીં.

11. UCDC સંસ્થા ખાતે પ્રવેશ મેળવેલ ઉમેદવારો ચાલુ તાલીમ દરમ્યાન ગેરપ્રવૃતિ કરશે કે કરાવશે, ઉશ્કેરણીજનક કે વાંધાજનક ભાષણો કે લખાણો કરશે અથવા વિદ્યાર્થીઓ પાસે કે અન્ય ત્રાહિત વ્યક્તિ પાસે કરાવશે, વિદ્યાર્થી સંગઠનો/કમિટી /યુનિયન બનાવી યુ.પી.એસ.સીના અભ્યાસ ને ધ્યાનમાં ન રાખતાં અન્ય પ્રવૃતિઓ કરશે એટલે કે એવી પ્રવૃતિઓ કે જે અન્ય વિદ્યાર્થીઓ કે સંસ્થાને નુકસાનકર્તા કે હાનિકર્તા હશે તો તેવા સંજોગોમાં ચાલુ તાલીમ દરમ્યાન પણ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરવાની અબાધિત સત્તા UCDC સંસ્થાના સમક્ષ સત્તાધિકારીને રહેશે.

12. આખરી પરિણામ જાહેર થયા બાદ મેરીટમાં ઉમેદવારે મેળવેલ ગુણ ને આધારે ક્રમશ: પ્રવેશ મળવાપાત્ર થશે, તદ્દન્વયે ઉમેદવારોએ દિન-૧૫ માં રજીસ્ટ્રેશન ફી ભરીને અચૂક પ્રવેશ મેળવવાનો રહેશે અન્યથા તેમનો પ્રવેશ આપોઆપ રદ ગણાશે અને તેમની જગ્યાએ પ્રતિક્ષાયાદી માંથી અન્ય ઉમેદવારોને મેરીટ પ્રમાણે બોલાવીને તે જગ્યાએ પ્રવેશ આપવામાં આવશે.

## ❖ <u>પ્રાથમિક કસોટી માટેના પ્રશ્નપત્ર અંગેની ખાસ સૂચનાઓ</u>

૧. પ્રશ્નોના જવાબો અલગ આપેલ ઉત્તરવહીમાં જ લખવાના રહેશે. જવાબો બોલપેન (બ્લ્યુ/કાળી) થી ફક્ત (●) કરીને આપવાના છે. પ્રશ્નપત્રની ભાષા ગુજરાતી અને અંગ્રેજી રહેશે. ગુજરાતી ભાષાંતરમાં કોઈ ગુંચવણ જણાય તો અંગ્રેજીમાં પૂછાયેલ પ્રશ્નની ભાષાનું અર્થઘટન આખરી ગણાશે.

2. ઉત્તરવહીમાં જવાબ આપવા માટે માત્રબોલપેન (બ્લ્યુ / કાળી) નો જ ઉપયોગ કરવો.

3. ઉત્તરવહીમાં નિયત જગ્યાએ તમારો બેઠક નંબર, નામ અવશ્ય લખવું.

4. ઉત્તરવહીમાં જવાબ માટે બોલપેન (બ્લ્યુ / કાળી) થી નિશાની સિવાયનું (●) કોઈપણ પ્રકારનું લખાણ અથવા એક કરતાં વધુ વૈકલ્પિક ઉત્તરો ગુણને પાત્ર થશે નહી.
5. ઉત્તરવહી ઉપર નિરિક્ષકની સહી છે કે નહી તેની ખાત્રી કરી લેવી. જો તમારી ઉત્તરવહી ઉપર નિરીક્ષકની સહી નહીં હોય તો તેવી ઉત્તરવહી મૂલ્યાંકન માટે ગણાશે નહીં.
6. ખોટા જવાબ બદલ અથવા એક પ્રશ્નમાં એક કરતાં વધારે જવાબ બદલ પ્રશ્નના ગુણના $\frac{1}{4}$ ગુણ બાદ કરવામાં આવશે. જે પ્રશ્નનો જવાબ આપવામાં નહીં આવે તેની કોઈ પેનેલ્ટી થશે નહીં.
7. ઉમેદવારે સાચો બેઠક નંબર, નામ અવશ્ય દર્શાવવાના રહેશે. બેઠક નંબર સિવાય અથવા ખોટા નંબરની ઉત્તરવહીની ચકાસણી કરવામાં આવશે નહીં.
8. પ્રથમ તબક્કા અને અંતિમ તબક્કા નું પરીણામ સંસ્થાની વેબસાઈટ www.ucdc.co.in ઉપર જાહેર કરવામાં આવશે.
9. પ્રવેશ પરીક્ષાની જાહેરાત અન્વયેનાં મૂંઝવતા નિરાકણ માટે:

Umiya Career Development Council, Umiya Campus,
Opp., Agrawal Mall, Nr. Sola Bhagvad Vidyapith,
Sola, Ahmedabad - 380060
ફોન નંબર:- 079-27662686 સમય : 11: AM to 6:00 PM
Email address: sola@ucdc.co.in